**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા**
**માટે નવુ વાહન ખરીદવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવક્રમાંકઃ–સશપ/૧૫૦૫/નબા.પ/અ**
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯ –૪–૦૬

**વંચાણે લીધોઃ** નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૫/ ૧૧/૦૫ નો
પત્રક્રમાંકઃવિજાક/ મકમ /૦૫-૦૬/૩૩૧–૩૩૨

ઠ રા વ:–

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગરની કચેરી ધ્વારા નિયામક ના ઉપયોગ માટેના વાહન (કવોલીસ જીપ ગાડી નં.જી.જે. ૧૮. જી૧૪૪૦) ને અકસ્માત નડતાં તે કન્ડેમ કરવામાં આવેલ હતું. આ કન્ડેમ કરેલ વાહન સામે તેજ પ્રકારનું નવુ વાહન ખરીદવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતા માટે ડ્રાઈવરની કોઈ નવી જગ્યા મંજૂર નહી કરવાની શરતે નવુ વાહન (ગાડી) ખરીદવાની આથી મંજૂરી આપવામાં આવે છે તથા આ માટે વર્ષ ૨૦૦૬–૦૭ ના અંદાજપત્રમાં વિભાગ–૨ ની નવી બાબત તરીકે કરેલ રૂ.૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ અંદાજપત્રના સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગોનું કલ્યાણ–૦૩ પછાતવર્ગોનું કલ્યાણ–૦૦૧ નિર્દેશ અને વહીવટ–બીસીકે–૧૨૭ તમામ કક્ષાએ વહીવટી તંત્ર સંગીન બનાવવુ (નવા વાહનની ખરીદી) હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલપર નાણાંવિભાગની તા.૧૭/૪/૦૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(ડી.પી.પરમાર)**
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અનેઅધિકારીત વિભાગ,

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર
નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યાય. અને અધિ.વિ)સચિવાલય,ગાંધીનગર
બજેટ શાખા, (સા.ન્યાય. અને અધિ.વિ.) સચિવાલય,ગાંધીનગર
પસંદગી ફાઈલ.

ટીઆરવી–પેજ–૯૦